વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

યોગેશકુમાર ચીનુભાઈ ત્રિવેદી
(૧૯૫૩) ફોન : ૨૩૨ ૧૩૭૧૬

વિધાનસભાની ચૂંટણીમાં પૈસાની હેરાફેરી ઉપર ચૂંટણી તંત્રની વોચ

હિંમતનગર, તા. ૧૦

વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થતાંની સાથે ચૂંટણી આચાર સંહિતાનો કડક અમલ થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકોની ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. તેની સાથે મતદારોને લોભાવવા માટે રોકડ કે દારૂની હેરાફેરીને નાથવા માટે જિલ્લાના માર્ગો ઉપર ફ્લાઈંગ સ્કવોડ તેનાત બનીને વાહનોનું સઘન ચેકીંગ થઈ રહ્યું છે. જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના માર્ગો ઉપર પ્રાંત અધિકારી અને હિંમતનગર બેઠકના ચૂંટણી અધિકારી રીંકેશ પટેલની રાહબરી હેઠળ આર.ટી.ઓ. સર્કલ, મોતીપુરા સર્કલ અને મહેતાપુરા સર્કલે ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમે વાહનોને ઝીણવટભરી ચકાસણી કરી હતી.

આજે વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અમદાવાદ શહેરના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલનો આજે અમદાવાદ શહેરનો પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરની નિકોલ વિધાનસભા બેઠકના કાર્યકર્તાઓ તથા બુથ પ્રતિનિધિઓની બેઠકમાં રાત્રે ૭ કલાકે ખોડિયાર વાડી, ઈન્દ્રજીત સોસાયટી વિભાગ-૨, ડાયમંડ મિલની સામે, નિકોલ રોડ, નિકોલ, અમદાવાદ ખાતે તેઓ ઉપસ્થિત રહેશે. તેમજ અમદાવાદ શહેરની જમાલપુર વિધાનસભા બેઠકના કાર્યકર્તાઓ તથા બુથ પ્રતિનિધિઓની બેઠકમાં રાત્રે ૮ કલાકે છીપા કોમ્યુનિટી હોલની બાજુમાં આવેલા ખુલ્લો પ્લોટ, ગોળ લીમડા અંજુમન હાઈસ્કૂલ, અમદાવાદ મ્યુનિસિપલ કાકોર્પોરેશન સામે, ખમાસા અમદાવાદ ખાતે તેઓ ઉપસ્થિત રહેશે.

રકનપુરમાં ઓરડીમાંથી દારૂ બિયરનો ૨૫ હજારનો જથ્થો ઝડપાયો

ઓરડીમાંથી એક પછી એક ૬૬ વિદેશી દારૂની બોટલ અને ૩૬ બીયરના ટીન મળ્યા

કલોલ, તા. ૧૦

કલોલના રકનપુર વિસ્તારમાં એક ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી દારૂનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પોલીસે દરોડો પાડી ૨૫ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દારૂનો ધંધો કરનાર બુટલેગર હજુ વોન્ટેડ છે. કલોલ તાલુકા પોલીસે દારૂ જપ્ત કરી બુટલેગરની વિરૂદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ આરંભી છે.

કલોલ તાલુકા પોલીસને બાતમી મળી હતી કે રકનપુર ગામના રબારી વાસની એક ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે વેચાણના હેતુથી સંતાડવામાં આવ્યો છે. તેને આધારે રેડ પાડીને ઓરડીમાં ચકાસણી કરતાં તેમાંથી એક પછી એક ૬૦ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૩૬ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરનો જથ્થો મળી રૂ. ૨૫,૨૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તપાસ કરતાં આ દારૂ લોકોન્દ્રસિંગ યાદવેન્દ્રસિંગ ઠાકોરનો હોવાનું પોલીસને જાણવા મળતા તેના વિરૂદ્ધમાં ગુનો દાખલ કરીને પોલીસે તેની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કલોલ તાલુકામાં દવા ગટગટાવી આપઘાતના પ્રયાસના ત્રણ બનાવ

બે યુવાનો અને એક યુવતી ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ

કલોલ, તા.૧૦

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં ઝેરી દવાઓ ગટગટાવીને આપઘાતના પ્રયાસના ત્રણ ત્રણ કિસ્સાઓ બનતા ચકચાર મચી જવા પામી છે. કલોલના રકનપુર ગામ, સાંતેજ ફેકટરી તથા વડસર ગામમાં મળીને બે યુવકો અને એક યુવતીએ દવા પી મોતને ભેટવાનો પ્રયાસ કર્યો છે. સદ્‌ભાગ્યે ત્રણેયની તબિયત હાલ સુધારા પર છે. કલોલ તાલુકા પોલીસે જાણવાજોગ લઈ તપાસ શરૂ કરી છે.

કલોલના રકનપુર ગામમાં રહેતા ૨૨ વર્ષીય પપ્પીભાઈ નામના યુવાને પોતાના ઘરે ગઈ કાલે સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર પાંચેક ઉંઘની ગોળીઓ ગળી લીધી હતી. જેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો તો બીજી તરફ સાંતેજ ફેકટરી પાસે ૨૦ વર્ષીય સાંતેજના યુવાન કાળુભાઈ જીવાભાઈ રાવળે બપોરે બે વાગ્યાના અરસામાં જંતુનાશક દવા ગળી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને ત્રીજા કિસ્સામાં વડસર ગામની ૨૨ વર્ષીય યુવતી કોમલ દિપકભાઈ પરમારે પોતાના ઘરે મચ્છર મારવા વપરાતું ઓલ આઉટ લીકવીડ પી જતાં તેણીને પણ ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. કલોલ તાલુકા પોલીસે ત્રણેય બનાવ સંદર્ભે જાણવાજોગને આધારે તપાસ શરૂ કરી છે.

બેચરાજી મંદિરે નવરાત્રિની ઉજવણીની તૈયારીઓ આરંભાઈ

મહેસાણા, તા.૧૦

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ચુંવાળ પ્રદેશમાં આવેલ સુપ્રસિધ્ધ શકિતપીઠ બહુચાજી ખાતે માના મંદિરે આસો માસની શારદીય નવરાત્રિની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ આરંભાઈ છે.

તા.૧૬મી ઓકટોબરના રોજ નવરાત્રિના પ્રારંભે સવારે ૭.૧૫ કલાકે માતાજીના મંદિરમાં ઘટસ્થાપન વિધિ કરવામાં આવશે. તા. ૨૦મી ઓકટોબરના રોજ બાલા ત્રિપુરા સુંદરીયા બહુચરના સ્થાને સવારે ૧૦.૩૦ કલાકે શતચંડી યજ્ઞનો પ્રારંભ થશે. યજ્ઞની પૂર્ણાહુતિ ૨૨ ઓકટોબર સોમવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે થશે. આ દિવસે રાત્રે ૯.૩૦ કલાકે માતાજીની સવારી નીકળશે અને રાત્રે બાર કલાકે પલ્લીની નૈવેધ કરાશે. ૨૪મી ઓકટોબરે સવારે ૭.૧૫ વાગે નવરાત્રિ ઝવેરા ઉત્થાપનવિધિ થશે. સવારે ૧૦.૩૦ કલાકે વિજયાદશમી ધજા નિશાન ચઢાવવામાં આવશે અને સાંજે ૪.૦૦ કલાકે માતાજીની સવારી નજીકના બેચર ગામે સમી પૂજન માટે જશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા નવરાત્રિ મહોત્સવ અંતર્ગત ઘટસ્થાપન, શતચંડી યજ્ઞ, માતાજીની પલ્લી સમીવૃક્ષ પૂજન, ધજારોહણ જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયેલ છે. નવરાત્રિ દરમિયાન મંદિરને રોશનીથી શણગારવામાં આવશે.

મોડાસા સાયન્સ કોલેજમાં નશાબંધી સપ્તાહ ઉજવાયું

મોડાસા, તા.૧૦

નશાબંધી અને આબકારી ખાતું હિંમતનગર અને સર પી.ટી. સાયન્સ કોલેજ, મોડાસાના સંયુકત ઉપક્રમે નશાબંધી સપ્તાહ ઉજવણીનો પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી ખાતું હિંમતનગર અધિક્ષક પી.એમ. જાની તથા ઈન્સ્પેકટર દિનેશભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રિન્સીપાલ કે.એસ. પંડયાના માર્ગદર્શન નીચે આયોજીત આ કાર્યક્રમમાં વકતૃત્વ સ્પર્ધા, મહેંદીસ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા, રેલી ગુટખા/નશાના રાક્ષસનું દહન, નશાબંધી અંગેની ફિલ્મ 'યુવા ધન' નિદર્શન વિગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. મહેંદી સ્પર્ધામાં બુશરા કે. કાઝી, હિરલ સુથાર, કૃપા શર્મા તથા શ્રધ્ધા પટેલ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. પોસ્ટર સ્પર્ધામાં સિધ્ધી શાહ, અક્ષય પટેલ તથા ભૂમિ ભટ્ટ વિજેતા જાહેર થયા હતા અને વિજેતાઓને નશાબંધી ખાતા તરફથી ઈનામ વિતરણ કાર્યક્રમમાં સૌને નશો નહિ કરવાનો અને ગૂટખાથી દૂર રહેવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. ડૉ. ઘનશ્યામભાઈ શાહ (મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના માનદ મંત્રી) એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ.દિનેશ ફુદાણી, ડૉ. જગદીશ એચ. પ્રજાપતિ, પ્રા. ગિરીશભાઈ વેકરીયા, કામેશ શાહ તથા કોલેજ સ્ટાફના મિત્રોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે ગુટખા વિરોધી રેલી કાઢી કેળવણી મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહની હાજરીમાં નશાના રાક્ષસનું દહન કરવામાં આવ્યું હતું.

મોડાસા સાયન્સ કોલેજનું ગૌરવ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ ટેબલ ટેનિસ સ્પર્ધા મોડાસા-કોમર્સ કોલેજના યજમાનપદે તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સેકન્ડ સીંગલ્સમાં સર પી.ટી. સાયન્સ કોલેજ મોડાસાની ટીમ ચેમ્પિયન થઈ હતી.

વિજેતા મોડાસા કોલેજની ટેબલ ટેનિસ ટીમના રાજેશ પટેલની યુનિવર્સિટીની ટીમમાં પસંદગી થતા તેઓ આગામી વડોદરા શહેરમાં યોજાનાર વેસ્ટ ઝોન યુનિ., ટુર્નામેન્ટમાં ભાગ લેવા જશે. મોડાસા કોલેજના આ વિદ્યાર્થીની સિધ્ધી બદલ પ્રો. ડૉ. હર્ષદભાઈ દેસાઈ, આચાર્ય તથા મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહ તથા મહેન્દ્ર શાહે અભિનંદન પાઠવ્યા હતા.

કંપની સમાચાર

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફે દેશભરમાં રજૂ કરેલી મેજિક કાર્ડ એપ્લીકેશન વ્યાપાર અસરકારકતા વધશે

બેન્ક ઑફ બરોડા, આંધ્ર બેન્ક તેમજ યુકેની અગ્રણી રિસ્ક, વેલ્થ અને ઈન્વેસ્ટમેન્ટ કંપની લિગલ એન્ડ જનરલ વચ્ચેનાં સંયુક્ત સાહસ ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ દ્વારા મેજીક બોર્ડ નામની એપ્લીકેશન રજૂ કરવામાં આવી છે, કે જે સિંગલ પ્લેટફોર્મ પર એન્ડ ટુ એન્ડ એન્ટરપ્રાઈઝ સોલ્યુશન્સ પૂરા પાડે છે. મેજીક બોર્ડનો મુખ્ય હેતુ સંસ્થાઓમાં અસરકારકતાઓ વધારવાનો છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સનાં મેનેજિંગ ડાયરેકટર અને સીઈઓ ડૉ. પી. નંદગોપાલ દ્વારા આ સેવાઓને રજૂ કરવામાં આવી હતી.

ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સમાં મેનેજિંગ ડાયરેકટર અને સીઈઓ ડૉ. પી. નંદાગોપાલનાં જણાવ્યાં અનુસાર, 'આજના વ્યાપાર વાતાવરણમાં અત્યાધુનિક ટેકનોલોજી સાથે આગળ વધતા રહેવું મુખ્ય જરૂરિયાત છે. મેજિક બોર્ડ તે વ્યાયાર અસરકારકતા વધારવા માટેનું વન સ્ટોપ સોલ્યુશન છે, જે સ્વયંસંચાલિત પણે કસ્ટમર, ડિસ્ટ્રીબ્યુટર, એમ્પ્લોયી અને કોર્પોરેટ એમ ચાર મોડ્યુલોને આવરી લે છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'ઈન્ડિયા ફર્સ્ટમાં અમારો હેતુ ગ્રાહકોને શિક્ષિત અને અશક્ય કરવાનો છે, કે જેથી તેઓ ઈન્સ્યોરન્સની જરૂરીયાતોને સમજી શકે અને લાંબાગાળાનાં હેતુને ધ્યાનમાં રાખીને સાચો પ્લાન પસંદ કરી શકે. અમે સરળતા, પારદર્શિતા અને સેવાઓ લાવીને વ્યાપાર, પ્રોડક્ટસ, પ્રોસેસીસ અને કસ્ટમર રિલેશન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો છે.'

ઈન્ડિયા ફર્સ્ટની રિસર્ચ અને ડેવલપમેન્ટ વ્યુરચનાનાં ભાગરૂપે મેજીક બોર્ડનું પ્રથમ વર્ઝન ગયા વર્ષે વિકસાવવામાં આવ્યું હતું અને દેશમાં ૧૦૪ ઈન્ડિયા ફર્સ્ટ પ્રતિનિધિઓમાં તેમનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર રેન્જ આઈ.જી.ની કચેરીમાં રીડર પી.આઈ. તરીકે ફરજ બજાવતા ડી.એલ. ઝાલાનું હૃદયના હુમલાથી અવસાન થઈ જતાં પોલીસ બેડામાં શોકની લાગણી પ્રવર્તી છે. રેન્જ આઈ.જી. શમશેર સિંઘ તથા ગાંધીનગર એસ.પી. શરદસિંઘલ સહિત જિલ્લાના તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓની હાજરીમાં નિવાસસ્થાને તથા પોસ્ટમોર્ટમ રૂમ બહાર ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. (તસવીર : વિપુલ ચૌહાણ)

ખેડબ્રહ્માની પાળેલી મૃત કુતરીના સ્ત્રીની જેમ સિધ્ધપુરમાં અગ્નિ સંસ્કાર

(રમેશ વૈષ્ણવ) ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મામાં એક પરિવારની પાલતુ કુતરી બિમારી બાદ મરણ પામતાં તેના સિધ્ધપુર લઈ જઈ એક મૃત સ્ત્રીની જેમ જ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. કુતરીના મરણથી આ પરિવાર ઘેરા દુઃખની લાગણી અનુભવે છે.

આ અંગે મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્માના ભકિતનગરમાં રહેતા હીરેનભાઈ એમ. શાહે છેલ્લા આઠ વર્ષથી એક આલ્શેશીયન કુતરી પાળી હતી અને તેનું નામ રાની રાખ્યું હતું. આ રાનીનું ઘરના સદસ્યની જેમ જ પાલન પોષણ કરવામાં આવતું હતું. તેને ખાવામાં સારા બિસ્કીટ તથા દૂધ આપવામાં આવતું હતું. રાની શાહ પરિવાર સાથે એક મનુષ્યની જેમ હળી ગઈ હતી. થોડા સમય અગાઉ આ રાની એ ચાર ગલુડીયાંને જન્મ આપ્યો હતો અને સુવાવડમાંથી જ રાની બિમાર પડી હતી. બિમાર રાનીની પરિવારના સદસ્યની જેમ જ દવા કરવામાં આવી હતી. પણ સોમવારના રોજ સવારમાં મરણ પામી હતી.

જેથી શાહ પરિવાર ઘેરા શોકમાં ડૂબી ગયો હતો. હીરેનભાઈ શાહ મૃત રાનીને જીપમાં સિધ્ધપુરના સ્મશાનમાં અગ્નિ સંસ્કાર માટે લઈ ગયા હતા અને ત્યાં રાનીને સાડી-બંગડીઓ વગેરેનો શણગાર કરી શાસ્ત્રોકત વિધિ સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. મનુષ્યની જેમ થતા અંતિમ સંસ્કારને જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતાં.

મતદારો ચૂંટણી સંબંધી ગેરરીતિઓ અંગે 'ટોલ ફ્રી' નંબર ઉપર જાણકારી આપી શકશે

ગાંધીનગર, તા. ૧૦

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે, ગુજરાતમાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય એ માટે ભારતનાં ચૂંટણી પંચની સુચનાનુસાર ચૂંટણી સંબંધી ગેરરીતિઓ અંગે ચૂંટણી પંચને જાણકારી આપવા માટે રાજય સ્તરે ઈન્કમટેક્સ વિભાગમાં અને રાજયનાં -ત્યેક જિલ્લામાં ટોલ ફ્રી નંબર સાથે કોલ સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. આ કોલ સેન્ટરમાં જાહેર જનતા ચૂંટણી અંગેની કોઈપણ ગેરરીતિઓની જાણકારી આપી શકે એ માટે ત્રણ થી ચાર હન્ટીગ લાઈન સહિત ટોલ ફ્રી નંબરો આપવામાં આવ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

ઈન્કમટેક્સ વિભાગના નોડલ ઓફિસર તરીકે શ્રી વિનોદ તનવાની, એડિશનલ ડાયરેક્ટર, ઈન્વેસ્ટીગેશનને નિમવામાં આવેલ છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા સેટઅપ કરેલા સ્ટેટ કંટ્રોલ રૂમ નં ૧૮૦૦-૨૩૩-૧૦૨૭ અને લેન્ડ લાઈન નંબર ૦૭૯-૨૭૫૪૬૬૪૩ અને ૦૭૯-૨૭૫૪૬૬૪૬ અને ફેક્ષ નંબર ૦૭૯-૨૭૫૪૬૬૪૭ ઉપર સંપર્ક સાધી શકાશે.

કોલ સેન્ટર વિશે વધુ વિગતો આપતાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ કહ્યું કે કોલ સેન્ટર અને નિયંત્રણ કક્ષનો હવાલો જિલ્લાનાં વરિષ્ઠ અધિકારી પાસે રહેશે અને મતદારોની ફરીયાદ સ્વીકારવા અને નોંધવા માટે વિના વિલંબે કાર્યવાહી કરવા અને સંબંધિત અધિકારી અને શીઘ્રકાર્ય ટુકડીઓ મોકલવા માટે આ અધિકારી સતર્ક રહેશે. કોલ સેન્ટરની ટેલિફોન લાઈનો મતદારોની ફરિયાદો સ્વીકારવા ચોવીસ કલાક કાર્યરત રહે તે માટે પુરતાં સ્ટાફની વ્યવસ્થા કરાશે.

શ્રીમતી કરવલે કહ્યું કે કોઈપણ વ્યકિત કોઈપણ -કારની લાંચ આપતી હોય અથવા મતદારોને નાણાંકીય વ્યવહારોથી -ભાવિત કરવાનો -યાસ કરતી હોય તો તરત ૨૪×૭ કાર્યરત ફરીયાદ અને દેખરેખ નિયંત્રણ એકમને ટોલ ફ્રી નંબર ઉપર મતદારો જાગૃતિ દાખવી તેની જાણ કરે તે જરૂરી છે.

કોર્પોરેટ લુક અપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે ઉદ્યોગભવનમાં સારી લિફ્ટો મુકવામાં આવશે. સચિવાલય સંકુલ જેવી જ લિફ્ટો મુકવામાં આવશે જેમાં લીફટમાં હળવું સંગીત વાગતું હશે તેમજ જે માળે તે ઉભી રહેશે તેની જાણકારી પણ સાઉન્ડ સિસ્ટમથી આપવામાં આવશે. આ કામગીરી પણ એકાદ માસમાં જ શરૂ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. રાજય સરકારે રૂ. ૩૮ કરોડના ખર્ચે સચિવાલય ને બે તબક્કે કોર્પોરેટ લુક આપવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં પ્રવેશ્યા બાદ ઉદ્યોગભવન ને પણ કોર્પોરેટ લુક આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે ઉદ્યોગભવનના આ રિનોવેશન પાછળ એક અંદાજ પ્રમાણે બે થી ત્રણ વર્ષનો સમયગાળો લાગશે. જો કે આ ભવનમાં બેસતા સરકારી જાહેર સાહસો સારો એવો નફો કરતા થયા હોઈ અદ્યતન સુવિધાસભર ઉદ્યોગભવન ગાંધીનગરને મળશે.

વાંચનપર્વ દરમિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિયાનનું સતત મોનીટરીંગ કરવામાં આવ્યું છે તેમજ ટેલિકોન્ફરન્સ દ્વારા બાળકોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન પણ રાજયસ્તરેથી સતત અપાતુ રહ્યું હતું. વાંચન પર્વમાં ગાંધીનગર જિલ્લાના ૧૯ હજારથી પણ વધુ બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. વાંચન પર્વમાં ગાંધીનગર તાલુકાના ૮૫૯૮, માણસાના ૨૪૬૯, દહેગામના ૪૬૫૬ અને કલોલના ૪૧૩૯ બાળકોને સમાવવામાં આવ્યા હતા. જ્યારે ઈતર વાંચન અભિયાન અંતર્ગત ધો. ૨ થી પના ૬૦ હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં વાંચન પર્વને સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જણાવતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે ઈતર વાંચન પર્વ અભિયાન દરમ્યાન ૩૦ હજારથી પણ વધુ પુસ્તકોનું બાળકોએ વાંચન કર્યું હોવાના પ્રાથમિક અંદાજો છે.

ગુણોત્સવના પરિણામ પર આગામી દિવસોમાં સારો સુધાર જોવા મળશે તેમ પણ આ સૂત્રોનું માનવું છે.

ગરબે ઘુમવા સજ્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલા ઉત્સાહથી ગરબાની અવનવી સ્ટાઈલ શીખી રહ્યા છે કે તેમને જોઈ અચરજ થાય છે. પરંપરાગત બે અને ત્રણ તાલીના ગરબા ઉપરાંત અમે બધા જ ખેલૈયાઓને દોઢીયુ, પોપટીયુ, હુડો, મારવાડી, રાસ, હીંચ ઉપરાંત ફિલ્મના ગીતો પર થતી ફ્રી સ્ટાઈલના ગરબા શીખવીએ છીએ. સેક્ટર-૨૧ અને ઈન્ફોસીટીમાં શાખાઓ ધરાવતા સુરાંગન ગરબા કલાસીસમાં બસોથી વધુ યુવક યુવતીઓ ગરબા શીખવા આવે છે. ઉત્તર પ્રદેશનો ૨૩ વર્ષીય કિશોર અને ઝારખંડના જમશેદપુરની આરતી આ વર્ષે અહીં ગરબા શીખી નવરાત્રીની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવા તૈયાર છે. દિયોદરના ધારાસભ્ય અનીલભાઈ માળીનો આખો પરિવાર અહીં અવનવા ગરબા શીખવા આવે છે. સુરાંગનના સંચાલક વિપુલભાઈ અને તુષારભાઈને વિશ્વાસ છે કે તેમના ખેલૈયાઓ આ વર્ષે પાર્ટીપ્લોટ અને ટીવી પર યોજાતી ગરબાઓની સ્પર્ધાઓમાં રંગ જમાવી દેશે.

સ્વીમીંગ પુલ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે સ્પોર્ટસ સંકુલ ખાતે આધુનિક સ્વીમીંગ પુલ બનાવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સંકુલ ખાતે ઓલમ્પિકના સ્ટાન્ડર્ડ મુજબ સ્વીમીંગ પુલ બાંધવાનું કામ હાથ ધરાશે. જેમાં રેસીંગપુલ, ટ્રેનિંગ પુલ તેમજ ડાઈવીંગ પુલના અલગ ટ્રેક બનાવાશે. જ્યારે સ્વીમીંગ પુલનું સ્થળ પણ બદલાશે. આ કામગીરી બે તબક્કામાં હાથ ધરાશે જેમાં પ્રથમ તબક્કામાં રૂ. ૪.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ફીલ્ટ્રેશન પ્લાન્ટ પણ નવો બનાવાશે. જ્યારે આગામી હોઝમાં સ્વીમીંગ પુલને લગતી અન્ય આનુસંગિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આગામી તબક્કામાં ટેન્ડર આખરી થયા બાદ કામ શરૂ કરાશે.

ટપાલ મતપત્રની સુવિધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેટાબેઝ તૈયાર કરી તેમને ટપાલ દ્વારા મતદાન અંગે સંપૂર્ણ સમજ આપવા -ત્યેક જિલ્લામાં તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણી ફરજ ઉપર નિયુક્ત અધિકારીઓ-કર્મચારીઓનાં નામ, નિવાસસ્થાનનું સંપૂર્ણ સરનામું, ઓફિસનું સરનામું, જે મત વિસ્તારમાં મતદાર તરીકે નોંધાયા હોય તે વિધાનસભા મતદાન વિભાગનું નામ, નંબર, ભાગ નંબર, ક્રમ નંબર, ચક્ષ્દ નંબરની માહિતી સંબંધિત વિભાગ પાસેથી -ાપ્ત કરવા પંચે સૂચનાઓ આપી છે.

ચૂંટણી ફરજ ઉપરનાં કોઈપણ અધિકારી તેમની મતદાનની પવિત્ર ફરજ બજાવવાથી વિમુખ ન રહી જાય તેની વિશેષ કાળજી રાખવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જણાવાયું છે.

પ્રલોભનો આપી શકશે નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધુમાં ઉમેર્યું હતું કે, ચૂંટણી ખર્ચ સંબંધી હિસાબો રાખવામાં નિષ્ફળતા અને ચૂંટણી સંબંધી જાહેરાતો, જાહેર સભાઓ, -કાશનો, પરિપત્રો વગેરે માટે ખોટાં ખર્ચા દર્શાવી શકાશે નહી. આ માટે સજા અને દંડ થઈ શકે છે.

શ્રીમતી કરવલે કહ્યું કે કોઈપણ રાજકીય પક્ષ કે ઉમેદવાર મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી સંપન્ન થઈ શકે તે માટે સંપૂર્ણ સહયોગ આપશે અને ભારતનાં ચૂંટણી પંચે સૂચવેલી નીચે મુજબની માર્ગદર્શિકાઓનો ચુસ્તપણે અમલ કરે તે જરૂરી છે. -સ્તુત માર્ગદર્શિકાનાં ઉલ્લંઘનનાં કિસ્સામાં ઈન્ડીયન પીનલ કોડની જોગવાઈઓ અનુસાર શિક્ષા, દંડ કે શિક્ષા અને દંડ બન્નેની સજા થઈ શકે છે.

શબ્દાવલી - ૪૮૬૭



આડી ચાવી

૧. અખતરો કરવો (૫)
૨. પરવા, ફિકર (૨)
૪. મડધુ દાટી ઉપર કરેલ ચણતર (૩)
૫. વૃધ્ધાશ્રમ (૫)
૯. બતકને અંગ્રેજીમાં... કહે (૨)
૧૦. સિંહની ત્રાડ (૩)
૧૧. સરકી જાય તેવું (૪)
૧૩. રોવું - કુટવું (૫)
૧૫. કિનાર, ધાર (૨)
૧૬. ડાબી બાજુનો (૨)
૧૭. જરીક, સ્હેજ (૨)
૨૦. ખાવાની કોઈ વસ્તુ, માડું (૨)
૨૧. હાથીની સંભાળ કે તેની ઉપર અંકુશ રાખનાર (૪)
૨૨. બેસવાની જગ્યા માટે પથરાયેલ કાપડ (૩)

ઊભી ચાવી

૧. અણસમજુ (૪)
૨. ઘોડો દોડે... અવાજ થાય (૪)
૩. માર-માર કર્યા કરે તેવું (૪)
૬. રણકવાનો અવાજ (૪)
૭. પ્રેત યોનીની સ્ત્રી (૩)
૮. રસથી તરબોળ (૫)
૧૨. રેતનું મેદાન (૨)
૧૪. વહેલા કે... બધાએ મરવાનું તો છે જ ને?! (૨)
૧૫. ખાનું, કોઠો વગેરેની ઊભી હાર (૩)
૧૭. અંધકાર (૩)
૧૮. પુષ્પ, ફૂલ (૩)
૧૯. યુક્તિ, મોકો (૨)

શબ્દાવલી ૪૮૬૬ના જવાબ

આડી ચાવી :- (૧) ઉધામો (૪) ધરપત (૮) પકવાન (૯) સરોજ (૧૦) ધાણા (૧૧) વધ (૧૪) રાગ (૧૫) ટમટમ (૧૭) તમા (૧૯) કાફલો (૨૧) ગાવ (૨૨) પાવરધા (૨૩) નવું (૨૪) ઓસડ

ઊભી ચાવી :- (૧) ઉપરવટ (૨) ધાક (૩) મોવાળો (૫) રસધારા (૬) પરોણાગત (૭) તજ (૧૨) ધમકાવવું (૧૩) હુમલો (૧૬) ટફ (૧૮) મારધાડ (૨૦) ઘુવડ (૨૧) ગાન (૨૨) પાસ